લલીતા દુખદર્શક નાટકનાં

ગાયનો.

ઉ. ઉ.

છપાવી પ્રસિધ્ધ કર્તા,

બુકસેલર સાકરલાલ બુલાખીદાસ.

ઠે. રીચીરોડ—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી   નકલ ૩૦૦૦.

અમદાવાદ.

"ડાયમંડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૯   સને ૧૯૦૩

કિંમત બે આના.

લલિતા દુઃખ દર્શક નાટકના

ગાયનો.

સ્થળ વિજયપુરીની ભાગોળ.

પાત્ર—જયકુંવર, લલીતા, સુભગા સુબોધા.

લલીતા પરણીને સાસરે જાય છે ત્યારે તેનીમા શીખામણ દેછે

જયકુંવર—(હમકુ છાંડ ચલે બન માહુ એ રાહ.)

પુત્રી મારી તું તો મમ શીખ ધરજે, કરજે સેવા સાસુ સસરા તણીરે;
સાસરે જઇને મોકલજે સમાચાર, ડાઇ થજે તું સાચુ ગણીરે. પુ.
સ્વામી તણી આજ્ઞા શિર ધરજે, કરજે સેવા એની પ્રીત કરીરે;
તેથી જગમાં જશ તારો બહુ જામશે, બેસીશ ભવોભવ સુખે ઠરીરે.
તુજ વિના એની ઘડી નચાલે પણ, છુટકો નહિ ત્યાં મોકલ્યા વિનારે;
નાની બાળા તુંતો મારી બાપુડી, મરીશ રોઈ હું તુજ વિનારે. પુ.
જેમ પુત્ર વિના ડાળ દીસે સુની, શું? સબારૂં પુત્રી સ્નેહ તારોરે;
સુગુણી પુત્રી મારી વા'લી તું પ્યારી, કે'જેતુજ સાસુને આશિસ મારીરે.
તુંજ વિણુ ગમશે કેમ મુને એની, રોઇ મરીશ દીન રાત આખીરે;
સોબત દુરજનની નવ કરતી, કરજે સગત સુગુણ દાખીરે દાખીરે. પુ.
કલાલહાટ જઈ પીએ અમરૂતપાન, પણ તેને સૌ કહે મધ પીએરે;
પીએ મધ ગોવાળ ઘેર જઇરે, પણ કહેશે તે દુધ પીએરે. પુ.
પારસ પથર ને લોહ સ્પર્શે, થાય તો કંચન તરત બનેરે;

માટે સગત જોઇ વિચારી કરવી, કેમકે જોબન તારૂ જાકેને પુ.
જો કુખમાં આબોટી હોય મારા, તો તો શીખામણ માનજે મારીરે;
નહીં કર મનમા આવે તે તુ કરજે, ધરજે કાઇક કુળ જાત તારીરે.
ઝાઝુ નથી કહેતી કાઇ હું તુજરે. ડાહી છે મારી તું પુત્રી પ્યારીરે;
બાળા ભેની તુ છે તેથી કહ્યુ મે, રોશન દીસે નહીં ધારતીરે પુ.

લલિતા— **ઉપલી રાહ**

માત તમારી સિખ શિરે ચડાઉં, નવ કરશો મનમા શોક જરીરે,
કરજો મુજ પિતાની માતરે સેવા, ઘડપણ પાળજો ચીત ધરીરે માટેક.
કોઇ વાતે નહી મુજવારે દેશોરે, કરજો હમેશા આજ રીતીરે;
બોલે કદી વેણુ પિતા મારા કડવા, રીસ, તજીને ધરજો પ્રીતીરે. માત.
કરજો રક્ષણ તુમ જાતનુ માતુ, દેહ તમારી બહુ દુરબળ થઇરે,
કર હમેશા ભજન ઇશ્વરનુ, કરજો જેથી ઉમર થોડી રહીરે. માત.
મુજની ચિંતા આપ જરી નવ કરશો, કરશો નહી કદી કલેશ જરીરે
જાઓ સુખેથી ઘેર પધારો, દુરજનથી હું રહીશ ડરીરે માત.
માત પિતા તમે સીધાવો ઘર ભણી. મોકલજો મુજ સૈયરો સાણીરે
વાર ન કરશો જાજીરે માતાજી, વખત થયો હવે સુણો જાણીરે માત.

(તેની મા તથા બાપ અને બીજા સગાવહાલા વળાવવા આવેલાં તે પાછા ઘરભણી જાય છે અને તેની સઇયરો આવે છે)

સુભગા—(તુન કુમલાજીયરવા, ઓ પીતા મારા એ રાહ)

તુજ વિના થઉ દુખીયારી, ઓ સાણી સખી તુ એ ટેક.
વિયોગ કરે દુખ ભારી, ઓ સાણી સખી. તું.
ચદ્ર ચકોરને કેવીરે પ્રીતી, એમ તારીને મારી (૨) ઓ તું
જગ વીના જેમ મીન ન જીવે, તુજ વીરહ દુખકારી (૨) ઓ તું.

ભેગા રમતા'તા બાળપણામા, કહુ સાહેલી મારી, (૨) ઓ તું.
વૃક્ષને વેલ જેમ વિંટાણી, એમ પ્રેમ છે ભારી (૨) ઓ તું.
માલતી ભ્રમરને જળ કમળ જેવી પ્રીત છે તારી. (૨) ઓ તુ.
ટોળામાથી છુટી પડેલી મૃગલી, તે અકળાય છે ભારી (૨) ઓ તું.
તન જુદા મન નહીંરે જુદાં, કહું સાચ દિલ ધારી. (૨) ઓ તું.
એવો સ્નેહ બેની છેરે આપણો, નહીં જુદાઈ ઝારી. (૨) ઓ તું.
આજ આપણુ બેની જુદાંરે પડીએ, ન મુકીશ તુ વિસારી. (૨) તું.

સુબોધા—(સહીયર શું દુઃખ દાખવું. એ રાહ.)

બેન લલીતા મારી તું, સુણજે એક આજ વાત,
તોડી સયોગ તુ જાય છે, વળી તજી માત તાત. બેન એ ટેક.
સાસરે જઇને ડાહી થજે, કરજે સસરાની સેવ;
સાસુને માતુજી સમ ગણી, ગણજે નાથને દેવ બેન.
નણુદીના બોલ સહુ સાખજે કરજે કહે તે તે કાજ,
સગા વા'લા સાથે વઢિશ નહી, બહુ વધારજે લાજ બેન.
કજીઓ કકાશ કાઇ કરતી નહીં, રાખજે સ્નેહ સહુ સાથ,
પાડાપાડોશીની સાથ તુ, કોઇ દીન ભીડીશ નહીં બાથ બેન.
નાથને પ્રભુ તુલ્ય પાળજે, નહીં દુભવતી કોઇ દીન;
તુજ વિના હુ બેની ટળવળું, જેમ પાણી વીના મીન. બેન.
બાળપણાની છે પ્રીતડી, નથી છુટતો નેહ,
જુદાં પડીએ છીએ આપણે, તુ વીસારીશ નહીં સ્નેહ. બેન.
બેની મારી હવે જાઉં છું, કહ્યુ તે ધરજે તુ મન,
પત્ર હમેશાં પાઠવજે, તનનું કરજે જતન બેન.
(સહીયરો આખો લુછતી લુછતી પોતાના ઘરભણી વિદાય થાય છે)

स्थळ नंदपुरी.

ललीतानुं सासरुं.

पात्र—ललिता, जमनाबाइना कवेषा नंदी.

ललीता-(मैनावती माता, नीर भयांरे मारा नेणुमां ए राह)

हो सासु मारां तुम चरणे शीश नमुछुं. ए टेक.

पडी आजनी सरणे तमारा, मुकी माने बाप;

नानी नणुंदने पगे लागुछुं सजुछुं सर्व संतापरे. हो सासु.

दासी आपनी दीन रातनी, थइ छु बाइ तमारी;

हुकम करो जे आप मुजने, उठावा छु तैयारीरे. हो सासु.

अणुसमजु हु बाळक नानु, अघटीत मुजथी बोलाय;

दीलमा तेनी रीस न करशो, तुम आगे अतर खोलायरे. हो सासु.

नथी आंही कोइ बीजु मारे, तम विना ओ बाइ;

मारे आशरो एक तमारो, नहीं बीजी कोइ सगाइरे. हो सासु.

दुःख वखतमां संभाळ लेनार, सासु छो चतुरसुजान;

आखी दुनीयामा ए धारो, वहु राखे ससरानुं मानरे. हो सासु.

रंक रायनी दीकरी पणु, जाणो एवी रीत;

होय नहीं काइ फेरफार तेमा, होय तो के'वाय अघटीतरे. हो सासु.

गरीबमा गरीब छे दीकरी, बीजी गरीब छे गाय,

ते बन्नेने इच्छे त्यातो, दोरीने लइ जायरे. हो सासु.

भुप समान पीता होय तेनो, रंक तेनो कंथ;

पणु ते शोभे सासरीआमां, वळी होय बाळक के वृद्धरे. हो सासु.

ससरानी सुळी तो सारी, पीयरनी पालखी खराब,

एम मानुंछु प्यारां सासुजी, हरती शोये दरबाररे. हो सासु.

જમનાબાઈ નવી પુત્રવધુ જેના ઘરવિષેથીકારૂતેજનને એ ગાય.

વાત તારી વહુજી મારી આજ ઘરૂ દીલ ધારી. એ ટેક.
સારા મા બાપની પુત્રી તું તો, ઘણી લાગે છે ખરી;
તુજ જેવી વહુ મળજો સર્વને, નહી અવગુણ તુજમાં છે જરી. વાત.
ઘર સરવે આ તારૂ જાણી. રહેજે સુખેથી અહીં;
નથી દુખ અહીં કોઈ વાતનું, ખાઓ પીઓ અહી રહી વાત.
ચાકર નફર છે તુજ પ્રતાપે, નહીં કામ કોઈ વહુજી આપે;
સુખે રહો પિયુ સંગમાં, ભોગવો ભોગ વિલાસને. વાત.
કલેશાનદી–વાહ ! વાહ ! માડી તે તો બહુ સારૂ કીધુ. એ ટેક.
આજ કાલની આવેલી, છટકેલી છીનાળ જેવી;
ભોળવે છે તેતો કેવી, જોને જોને દેખાય છે શીધું. વાહ.
ડાહ્યા ડાહ્યા બોલે બોલ, રાખે નહી તારો તોલ;
આંખ માંડી તુતો ખોલ નહીતો પસ્તાવાનુ માથેજ લીધું. વાહ.
જમનાબાઈ—બહુ સારૂ બેસ બેની,
કલેશાનદી—......................અમેતો એવાંજ છેની;
તારે તો છે ખપ એની, તેથી ગમે નહીં અમારૂ કીધુ. વાહ.
મારે શું છે લેવા દેવા.
જમનાબાઇ—..................પડયા છે તારા જેહવા;
કલેશાનંદી—મારે શી છે ગરજ કેવા, જ ત્યારે શું કારણ હવે
એમાં અમે શુ કીધું. વાહ.

(કલેશાનંદી રીસાઇ જતી રહે છે. જમનાબાઇ લલીતાને તે વિશે સમજાવે છે.)

સ્થળ શયનગ્રહ.

પાત્ર—લલીતા અને નદલાલ.

લલીતા—(મુજ ઉપર ગુજરી વીતા પાદશાહ એ રાહ)

શુ સુતા છો સ્વામીનાથ, જાગોને પ્યારા;
તમે છો મુજ પ્રાણુધાર, ચક્ષુના તારા.
હું આવી ઉછરંગે, આજ આપની પાસ;
નહી કરો તમે ઓ નાથ, મુનેરે નિરાશ,
હું પતી રતી હુ, રભા તાર તમારો,
જાગોને પ્રિય તમ, મમ અરજ સ્વીકારી,
છો શીર છત્ર મુજ, હૈયાહાર છો આપ;
સુખ શાતી આપો, દુરે કરી પરીતાપ.
પ્રિતમ વીન પ્યારી, ક્યાય કદી નવ ઠરશો;
શું ઓઢી સુતા નાથ, આવી પાસ હોય.
તજી મસ્કરી બેઠા થાઓ, તમે ઓ નાથ;
ઘટે આવુ કરવું શું! ઓ દાશી સાથ.
(એમ કહી શરીરને ઢંઢોળે છે, પણ નહી જાગવાથી)
તમને દેખીને, પ્રફુલીત ચીત થયુ મારૂ)
આ બાગ ખીલ્યો છે, ઉઠો સહેલ સારૂ.
શંભુ પ્રમાણે, આપને થાપુ મનમા,
નવ કરૂં બીજાની આશ, કોઈ દીન તનમા.
માની શીવ પરમાણે શેવ કરૂં હુ પ્યારા.
કદી નવ રહો સ્વામી તુમે, ચક્ષુથી ન્યારા.
તુમ વિના ઘડી એક, લાગશે યુગ સમાન,
ઓઢયું ખેચી લઉં, આણુવા ભાન.

લલીતા તેનું શરીરપરનુ ઓઢયુ ખેચી લેછે તેથી તે બે બાકળો ઉઠીને.)

દલાલ—ચાલ ચાલ રાંડ તુ શીદને સતાવે છે ૨૬

દને સતાવે, તુતો શીદને સતાવે છે. ચાલ
અડપલા કરી મુને, ઉંઘવા તુ દેતી નથી,
ક્યાંથી આવી કોને મોકલી, કેને તુ મનાવે છે. ચાલ.
મારી માને બોલવુ છુ, કે તું અહીંથી જાય છે;
ભુત છુ કે ચોર છુ, કેમ તુ ડરાવે છે. ચાલ.

(એમ કહી પાછો સુઇ જાય છે તે જોઇ લલિતા કહે છે.)

લલિતા-સખીઆવેલોહિમાળોકારતકમાસહીમાળોઆવીયોએરાગ

અરેરે પ્રભુ તે દુઃખ તણી, શીમા રાખી નહી;
વેરી થયો ઓ દીનાનાથ, અજ્ઞાની કથ દહી.
નહી સમજે કાઇ લવલેશ, પ્રીત રીત જાણે નહીં,
જાણે દીસે હરાયુ ઢોર, બુદ્ધિ તેમા કાઇ નહી.
મુખે કાળો મુરખ શીરતાર, વિષ્યાહીન વાદરો,
દીસે રોગી દરિદ્ર અઢગ, આખે પણ માજરો.
મા'લતો હોય સાંઢ જેમ મોજ, સેજમા એમ લોટતો,
કહું કાઇ ને સમજે કાંઇ, એ છે મોટી ખોડય તો.
જો હોત અકકલ એમા કાંઇ, તો હું'રે શુ ધારતી,
છે તાબાનુ નાણું તેહ, સુધરે કેમ એ પતિ.
હુ દુઃખ દરિયામાં ડુબો, પ્રભુજી આજરે,
મારૂ તરફડીયાં હુ બહુ, કીનારા કાજરે
સુખ રૂપી થયો સુર્ય અધ, કીયા પથે પરવરૂ,
વદુ તૂને ઓ દીનાનાથ, હવે હુરે શું કરૂ.
મુજ દુઃખી તણા બેલી આપ, સુધારોને મુજ પતિ,
કરી વદુ ઉપય જોડી હાથ, અરજ કરૂ આપ પ્રતિ.
(એમ સોચ કરી નિદ્રાને આધીન થાય છે.

સ્થળ લલિતાનું શ્વસુરગૃહ.

પાત્ર—લલિતા અને મોહકાનંદ

એમ કેટલાક દીવસ દુ:ખમાં વ્યતિત કરે છે એવામાં પોતાના પીયરથી ખ્હેણુ તેડવા આવે છે તેને નીચે પ્રમાણે કહે છે.)

લલિતા— **ગિતી.**

પ્રિય વીરા તુ આવ્યો, મમ તેડુ કરવાને આજ આંહી;
ઠીક દયા દીલ જાણી, હવે આંહી બહુ થઇતી હુ કાહી
શિખ સાસુ સસરાની માગીને આવું છુ તુજ સાથે;
છે માત પીતા ખુશીમાં, કે કોઇ વિગ્ન આવી પડયું માથે.

મોહકાનંદ— **(ઉપલી રાહ.)**

સઘળા સુખ શાંતિમા, દૂખ નથી નથી કાંઇ કોઇને લવલેશ,
ફીકર કાંઇ ન કરશો, આવ્યો તેડવા સે'જથી આ દેશ.

(લલિતા મોહકનંદને પોતાને અણુસમજુ લગ્ન કરાવવાથી દુ:ખ ભગવું પડે છે તેથી ઠપકો દે છે)

લલિતા—(અરર અંબિકા માત મ્હારી એ રાહ).

અરર વિપ્ર, આ શુરે કીધુ, કીયા જન્મતણું; વેર તો લીધુ
વિચાર નહી કર્યો, આ શુરે કરૂ, અયોગ્ય કરમ હુ કેમ આચરૂ.
ભણેલને ગણેલ, બુદ્ધિશાળી છે, વળી ચતુરને. ડાહી શાણીછે.
એમ તમે બધુ જાણુતા હતા, કેમ બધુ ભુલી, ખાધા શુ ખતા
મતી નથી કઇ, મુઠમાં જરી, સમજતો નથી, કાઇએ વળી,
પછાડયુ પાણુ' સાથ. રનરે તમે, વેહની વેદના, બહુ મને દમે.
બ્રહ્મ જાતતો લાલચુ ખરી કે'વત કાળની, નક્કી આહી ઠરી.
બહુ દૂરે કદિ મિષ્ટાન જો મળે, તરત દોડી લાડુને મળે;

ગણે ન ફરતે, કાંઇએ વખત; મળે લાકુ કરે, દડમજલ સખત.
કરે પાઇના કાજ, નુકશાન લક્ષનું; પાપ નવી ગણે, કદી હોય પક્ષનું-
જણે વિપ્ર તાદર, સત્યાનાસરે; કુપમા નાંખીને, કીધી નિરાશ.
બળતી બોલ હું, બોલ્યું અરે; નથીજ વાંક તુજ, મુજ કર્મનો ખરે.

(એમ કહી બ્રાહ્મણ તથા લલીતા પોતાની સાસુ સસરાની રજા લેવા જાય છે.)

સ્થળ લલીતાનુ સાસરૂં.

પાત્ર—લલીતા, જમનાંબાઇ, કલેશાનદી.

લલિતા-(પીયુને તજાવનાર વેરી અહંકાર) એ રાહ.

અરર સાસુજી તમે આશુરે કીધું ?
પર પુત્રીને તમેરે, દુ:ખ બહુ દીધુ.
છે તમારો પુત્ર પ્યારો, અજ્ઞાનીને જડ;
નહીં કાંઇ સમજે એતો, દીસે છે ધુવડ,
ફસાવી તેમોએ નાખી, દુઃખ પાસમાં;
એમાંથી છુટુ થવાની, જરી આશના.
હાથ પગ બાધી મુને, નાંખી દવમાં;
અગ્નીથી બળું છું, નહીં ઉગરૂં આ ભવમાં.
સાંતી રૂપી જળ કેરી, આશરે નથી;
જાણુ મમ મુખથી, શુ ? બતાવું કથી.
આતો કીધું તો પણ, હવે ના કરશો;
એવી મારી વીનતી, આ હૃદયે ધરશો.
માફ કરશો મારાં આંસુ વહી અઘટીત વચન;
હું જવુંછું પીયર મારા, સુખે રહો તમે આપ.

ક્લેશાનંદી—જોને બોલે છકેલી કેવા બોલ, રાખે ન લાજ લગારજોને
આ ઘર છોડી, બીજુ ઘર માંડી, વધારશે પોતાનો તોલ જોને.
ગમતો નથી આ માંટી, કરવો ધારે બીજો માંટી;
તેથી બોલે ફાટી ફાટી શરમનો દીધી દાટી.
નાતરે જવાના ચાળા, ભરે તેથી ઉચાળા;
લલીતા—સુણી ઉઠે મુને જાળા.
ક્લેશાનંદી..............જાણીએ છીએ છો રૂપાળા
લલીતા—શાને કરો વઢવાડ,
ક્લેશાનંદી ....લાવજે જા તારી ધાડ,
જમનાબાઇ—નકામી શી પાડે રાડ, કજીઆને દે કમાડ.
ક્લેશાનંદી—તુ છુ એની તાબેદાર, મારે નથી દરકાર
લલીતા—એની કરો નહી ખાર, હું છુ આપની ખીજમતગાર;
ક્લેશાનંદી—હવે જાણ્યું જાણ્યું (૩) ડાહાપણુ ને ડોળ. જોને
જમનાબાઇ— [ગીતી.]
જાઓ જીવ અકળાયો, થોડા દીવસ પીયરીએ રહી આવો;
લલીતા—કરજો માફ, સાસુજી, બોલ્યુ ચાલ્યુ કદી ન મન લાવો
(એમ કહી લલીતા પોતાને પીયર ભણી જાય છે.

સ્થળ વીજયપુરી.

લલીતાની ખાનગી મેડી

પાત્ર—લલીતા સુભગા અને સુબોધા

(લલીતા સાસરેથી આવી જાણી તેની સહીયરો મળવા આવે છે અને તેને શોકાતુર જોઇ પુછે છે)

સુભગા-(કામછેદુષ્ટવિકારી,અહાસીવકામછેદુષ્ટવિકારી.એરાહ)
કેમ દીસે છે ઉદાશ, બેની મારી કેમ દીસે છે ઉદાશ એ ટેક.

શુ દુઃખ પડયું તુને સાસરીઆમાં, કહે તે તુ મારી પાસ. બેની.
શુ ? માત પિતાએ ડુબવી તને બેની, કોને કરીરે નીરાશ બેની.
હોય જે બીના તે સત્વર કહે મુજને, સુણવા તે રાખુ હું આશ બેની.

લલીતા— (જનુની જીવોરે ગોપીચંદની એ રાહ.)

સુણ સખીરે મારી બેનડી, મારા કરમ તણી વાતજી,
વેરી વીધાતા વસમી થઇ, થયા વળી માતને તાતજી.
શુરે કહુ કરમની કાંણી હુ એ ટેક.
દુઃખ દરીઆમા ડુબાવીયું, ઝાઝ મારૂ આ વારજી,
કાંઠે લાવનાર નહીં સારો મળ્યો, કયાંથી ઉતરે તે પારજી, શું રે.
કામ અમલ બહુ તુજ પર કરે, નહી જુલમ સહેવાયજી;
છોડાવનાર છે રાકડો, આ દુખ કોને કહેવાયજી શુ રે.
આખ મીંચી નાખી કુંડમાં, હડસેલી આ વારજી.
ઉંડો છે ગજ નવાણું તે, કેમ કરી નીકળાય બા'રજી. શુ રે.
જોબન રૂપી આ બાગમાં, ભમર કરેછે ગુન્જારજી;
ભાન ભુલાવે શરીરનુ, નહી શુદ્ધ બુદ્ધ રહે ઠારજી, શુ રે.
રણમા ચબેલી છોડ રોપીઓ, નહીં કોઇ રખવાળજી;
ક્ષણ ક્ષણમા તે સુકાય છે, સખ્યા વીના સભાળજી. શું રે.
એ દુઃખ મુજને મોટુ સખી, કોના આગળ કહેવાયજી;
હવેરે મુજોછે છુટકો, બેની જીવે શુ થાયજી. શુ રે.
રતન પથર સાથ પછાડીયું, કહો કેમ રહે એક બધજી,
ભાગી તે ભુકો થાય તે, કોને પડે તે અધજી. શુ રે.
એમ મળ્યુ મુજને જોડલુ, દુઃખ શહન કેમ થાયજી,
કહો તે મટે કરૂં હું સખી, વરેહ દુઃખ નહીં શહેવાયજી. શુ રે.

સુબોધા / સુભગા }—(ગઇ માવુ મરી, જવું તેની પાસે એ રાહ.

શાને વીલાપ કરે તું ઓ બેની, માથે પડ્યું તે દુઃખ તું સે'ની.
શાને. એ ટેક.

કરમમા લખીયા લેખ મીટે નહીં, ક્રોડ ઉપાય કરે ન વળે કંઇ શા.
માટે ધીરજ ધરવું ઓ બેની, ગમાવી સઘળાં દુઃખ તું રેની. શા.
હાલ પતી તારો ચાલીરે મોટો, પછી તુને નહી રહે સુખનોરે તોટો;
ચીતા આમ કરેથીરે બેની સુખ શુ ? મળશે તું મને કે'ની. શા.
આથી દુખી થઇશ તુ રે વધારે, અગ સોસાશે ફરીશ શા આધારે;
માટે બેની મારી શીખ તુ ધરને, સુખ ગ્રહી નહીં શોક તુ કરને. શા.

(શીખામણ દઇ તેની બે સખીઓ જાય છે અને લલીતા તેના બાપને મળવાને જાય છે.)

સ્થળ લલીતાના બાપનું ઘર.

પાત્ર–લલીતા, જયકુંવર, સુબોધા, સુભગા અને કસ્તુરચંદ

લલિતા—(જોડી તમે નવ જોઇ માડી (૨) એ રાહ.)

માત મારી દશા ન દીલ આણી. (૨)
ઝપલાવી તે ભર દુનીયામાં, ઉડારે પાણી.
કામ કોટે હીરામાળ બાંધી. (૨)
ખુશી થયા એ જોઇને સરવે, નીજ સ્વારથ સાંધી
ઉંટને બકરૂ વળગાડી, (૨)
દુખી કરી મુજને તમે સરવે; ઓ વા'લી માડી
લાકડે માંકડુ કરી દીધું, (૨);
જોયુ નહી પાછું વળી સરવે, કે આ શું ! અમે કીધુ.
કુવામાં નાંખી આખો મીંચી, (૨)
કોણ કાડનાર હવે તેમાંથી, દોરડાને ખીંચી.

નાથ માથે અણુસમજુ નાંખ્યો, (૨);
આજ સુધી નથુદી સાસુને, કડુ બોલ શાંખ્યો,
અરજ ધર તું પૃથ્વી માતા, (૨);
સંકટથી આ શરીર અરપું, કરતુ સુખ સાતા.
માત શું કહું તુને જાણુ, (૨);
જરા વીચાર કર્યો નહી તેથી, હું દુખથી દાજું;
હવે મારે આપઘાત કરવી, (૨),
આ દુખ દાવાનળથી નીકળી, વૈતરણી તરવી.

લલીતા પોતાના બાપ પ્રતે કહે છે.

લલિતા—શૃંગારમાં ડુબાવીતી તમેજ મુને એ શાહ.

અરર તાતજી તમે, આ શું રે કીધુ.
અજ્ઞાનની સાથ દઇ, દૂખ બહુ દીધુ
વીચાર કર્યો ન કાઇ દીલનીરે માંહી.
ઉડ જુડ કરી મુને, જપી દરીઆ માહો
સાસુ નણુદ બેઉ, મેણાંતો બોલે,
સઘળો ધંધો કરાવે, ઘરનો અનોલે,
વા'લાને શીખાવી મુને, માર મરાવે,
જો કાઇ બોલું તો મુને, તેઓ ડરાવે.
નીશાળે નહી જાવા દે એ, રમતો રમાડે,
નાદાન છોકરાની સાથે, એને ભમાડે.
બાપનુ ન માને કાઇ, મેતો શું કરે;
સવારનો સાંજ સુધી, રખડતો ફરે.
નથી કાંઇ સુજતુ ને, કરવો શો ઉપાય,
આ સંસાર માંહી મુને, કેમરે રેહેવાય.
જીવવું નથીરે મૂને, લાગતુ વા'લુ,

હવે મોત કેરો મારગ જલદી હુ ઝાલું.

કસ્તુરચંદ (પ્રિય મીત્ર મારા શું કરવુ. એ રાહ.)

સુણ પુત્રી તુ વાત અમારી, શોક તજીને સુખ ગ્રહ વીચારી;
એમા દોષ ન કોઇને દઇએ, માથે પડયું તે દુઃખ બેની સહીએ
નહીં વાક કાડો બાપનો કાદીએ વાક કરમ આપનો
લખ્યા વીધીએ કરમાં લેખ, મીટે નહી ઉપાય અનેક.

જયકુંવર— (ઉપલી રાહ)

માતા આપે જગતમાં જન્મ, નહી આપે તે કાંઇ કરમ;
માટે દોશ મને નહીં દેતુ, કહે એમા કરૂ બેની હુ શુ

કસ્તુરચંદ— (ઉપલી રાહ.)

દુખ દેખી દીલે નવ ડરવુ, હામ રાખી હૈયામારે ફરવુ,
દુખના દીન આવે બે ચાર, તે શે'વા હઇયું રાખી ઠાર
પુરશે આસ તારી જુગદીસ, કર સમરણ તુ અ'રનીશ.

જયકુવર— (ઉપલી રાહ)

કોઇના દીન સરખા ન જાય, સુખ દુખની પડે માથે છાય
પ્રભુની ગતી છે બેની ન્યારી, નહી શકે કોઇ વીસ્તારી·
જે ઇચ્છે તે શકે કરી, એમા ફેર પડે નહી જરો
માટે ગભરા નહીં બેની મારી, શહાય કરશે તને મોગરો.

લલીતા—(જુઓ જુઓ વિપ્ર ભીડી હામ. એ રાહ)

બસ આવી રહી હવે અનહદ જીવવુ નથી મુજને વાલુરે.
નથી સસારતો મુને કાઇ મદ. જીવવું
નથી સુખની મુને કાંઇ આજ જીવવુ.
કરૂ છું હુ મારા દેહનો નાશ. જીવવુ.
મળ્યો અણસમજુ મુને નાથ જીવવું.
કયાં સુધી બેશી રહુ ધરી હાથ જીવવું.

હવે અત્તર નથી ઉપાય. જીવવું.
જીવી કરવું હવે શુ આંય. જીવવું.
કર શરણુ પ્રભુ આ વાર. જીવવું.
મરૂંછુ હું પેટ ખાઇ કટાર જીવવું

(એમ કહી કટાર ખાઇ મરણુને વશ થાય છે આ જોઈ તેના મા બાપ ઘણો પશ્ચાતાપ વીલાપ સાથે કરે છે, એવી ખબર સાભળી લલીતાની સખીઓ આવે છે અને ઘણો વીલાપ કરે છે)

સુભગા—(ગીરધારીરે વાત કહુંછુ વિચારી એ રાહ)

ઓ બેનીરે કયાં ગઇ મુને મુકી, તુજ વીયોગથી થઇશ દુઃખી.
ઉઠીનેરે એકવાર બોલતુ આજ, આવી હું મળવા કાજ.
ઝુલ—મારી બેની તુ કેમ રીસાણી, શ્યો વાંક તે મનમાં આણી.
માફ કર દયા દીલ આણી હવે નહી બોલુરે, તુજ સાથે મારી
સ્યાણી મારી બેની તુ.

જવાળ ઉઠેરે તુજ વીના બેની સગે, કેમ નહી લઇ ગઇ તુજ સગે,
શુ સ્નેહરે તારો હુ સભારૂ, તુજ ગુણુ હું કેમ વીસારૂ,
ઝુલ—કેમ દયા ન આવી બેનીની, શું પ્રાત વીસારી તે કેતી,
મને પ્રભુ હવે મોત દેની, આવી શાણીરે શઇરણી મે ગુમાવી,
હાય ! જરૂંછું શીશ નમાવી

(સુભગા વિલાપ કરી ઉઠવા જાય છે, એવામાં સુબોધા લલીતાને મળવા આવે છે, લલીતાને પડેલી જોઇ શુબોધા સુભગાને તેનું કારણુ પુછેછે અને શુભગા મરણુની વાત કરે છે, આ સાંભળી સુબોધા મુર્છીત થઇ જમીન ઉપર પડે છે. તેને શુભગા સાવધ કરે છે સાવધ થાય છે એટલે બને સહીયરો નીચે મુજબ હીતોપદેશ સરવને દેછે.

સુભગા } બેડા બાઇ બુડતો તારોરે, અંબે આઇ પાર
સુબોધા. } ઉતારોરે એ રાહ.

સુણો સજ્જન અરજ અમારીરે, કહીએ અમે આજ વીસ્તારી
અણસમજુને પુત્રી આપી તો, થયા કેવા તેના હાલ;
કરશો ન કોઇ કામ આવા, કરે તેના આવા હાલ. સુણો
સારા સદગૃહસ્થની આબરૂ તે વળી, આમ રોળાઇ જાય;
મરવુ પડે વીખ ખાઇને તેહને, નપટને કાંઇ ન થાય. સુણો.
માટે વીચાર કરી સારી પેઠે, કરજો પુત્રીના લગન;
એવી રીતે કરવાથી કોઇ દીન, આવશે નહીરે વીઘન સુણો.
પૈસાનો લોભ મુકી કોરાણે, પરથમ જુઓ જમાઇ,
પછી જુઓ નાત જાતને પૈસો, તેતો સુખી થશો ભાઇ. સુણો.
પૈસામાં તમે મુકો પુળો, જાતમા મુકો આગ;
નાખો નજર તમે જમાઈ ઉપર જુઓ ગુણ તેના અાઘ સુણો.
કેવો ડાહયો શાણો ચતુર નર, દીસે વીદ્યામા કેમ;
એટલા ગુણ તપાસીને કરશો તો, રહેશો કુશળ ક્ષેમ સુણો.
તોતો પુત્રી સુખી થાશે તમારી, નહીં દુખી થાયે કોઈ વાત,
અરજ આટલી ધરશો જો મનમા, તો સુખી થશો સાક્ષાત, સુણો.
એક કરતા કરો સ્વયવર ધારો, તો પુત્રીને સુખ બહુ થાય,
પોકાર કરતી નહી આવે કોઇ દીન, વળી દુખી નહી થાય. સુણો.
કહે હરી કરજોડી તમને, કરજો ભૂલ ચુક માફ,
હોય કાઈ દોશ આ નાટકમા, વાચજો સુધારી સાફ સુણો.

(સર્વે નીરાશ થઇ સૌ સૌના ઠેકાણે જાય છે)

સમાપ્ત.